
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને
## ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ '૭૧



૧૯૭૫માં બનેલી 'આક્રમણ' ફિલ્મનું કિશારકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: 'દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.'

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ડિસેમ્બર ૧૦, ૧૯૭૧:
# આ તારીખે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?

દિવસનું પ્રથમ અજવાળું (સિલહટ ભારતીય ઉપખંડના ઈશાન ખૂણે હોવાને લીધે) ૪:૩૦ મિનિટે એટલે કે બાકીના ભારત કરતા ઘણું વહેલું પથરાયું તેની આગલી સાંજે લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહ તેમના ADC / Aide de Camp તથા પાયલટ સંધુ સાથે Alouette હેલિકોપ્ટરમાં મેઘના નદી પાસેના ક્ષેત્રનું આકાશી સવેક્ષણ કરવા નીકળ્યા. મનમાં એવી છાપ કે તે વિસ્તાર ભારતીય પ્રભુત્વ નીચે હતો. આથી ૫,૦૦૦ ફીટના લેવલે રહેલા હેલિકોપ્ટરને ૧,૦૦૦ ફીટના સ્તરે લાવવામાં આવ્યું. જોતજોતામાં ગ્રાઉન્ડ ફાયર થતાં હેલિકોપ્ટરની પાતળી ધાતુનું માળખું વીંધાવા લાગ્યું. પાયલટ સંધુને ખભામાં ગોળી વાગી. કૉ-પાયલટે કન્ટ્રોલ સંભાળી લીધા.

સાગતસિંહની કોરના અગરતલા હેડ્ક્વાર્ટર્સે હેલિકોપ્ટર પાછું ફર્યું ત્યારે ગણતરી કરતાં ખબર પડી કે Alouetteને કુલ ૩૮ કાણાં પડ્યાં હતાં. પાકિસ્તાનીઓ આટલી હદે પ્રતિકાર કરતા હોવાનું જોતાં આશ્ચર્ય લેખાય કે ભારતનાં બન્ને પ્રકારનાં હેલિકોપ્ટરોએ ૩૬ કલાક દરમ્યાન કુલ ૧૧૦ ઉડ્યનો ક્યાં હતાં અને મોતની સતત લટકતી તલવાર નીચે પણ પાયલટોએ અસાધારણ સાહસ ખેડી બતાવ્યું હતું.

ભારતે સિલહટ ખાતે બ્રિગેડ મોકલી હોવાના જે સમાચાર BBC દ્વારા બ્રોડકાસ્ટ કરાયા એ તેના સંવાદદાતાની ગેરસમજને આભારી હતા. અગરતલા ખાતેના કોર હેડ્ક્વાર્ટર્સે બ્રિગેડ નહિ, પણ માત્ર બટાલિયન રવાના કરેલી અને તેમાંય જવાનો બટાલિયન જેટલા તો ન હતા. કંઇ નહિ તો કમ સે કમ ૮૦૦ હોવા જોઇએ, પણ તેની બદલે સંખ્યા તેની કરતા અડધી પણ ન હતી. (૩ બટાલિયન = ૧ બ્રિગેડ.) નક્કી કે પાકિસ્તાની અફસરો પણ 'બ્રિગેડ' શબ્દ સાંભળી ચૂકેલા અને કદાચ ચોંકી પણ ગયા હતા. આ ગેરસમજને વટાવવા અને તેનો વ્યૂહાત્મક લાભ મેળવવા લેફ્ટનન્ટ-કર્નલ હરોલિકરે ગુરખાઓને છુટાછવાયા અંતરે વહેંચી દીધા. દર બે સૈનિકો વચ્ચે ખાસ્સું અંતર રાખ્યું. રાત્રે ચોમેર અંધકાર હતો, એટલે માત્ર ફાયરિંગ વખતના ચમકારા પાકિસ્તાનીઓને દેખાતા હતા. સંભવ છે કે તેમને ખરેખર એમ લાગ્યું હોય કે ભારતે બ્રિગેડને જ તહેનાત કરી હતી.

વીર ચક્ર વડે સન્માનિત થયેલા સ્ક્વૉડ્રન લીડર પુષ્પકુમાર વૈદ્ય





હેલિકોપ્ટરમાં સવેક્ષણ કરવા નીકળેલા સાગતસિંહ (ડાબી તરફ) અને ગ્રૂપ કેપ્ટન ચંદનસિંહ, જેમની વચ્ચે ગાઢ મૈત્રિસંબંધ હતો.

ડિસેમ્બર ૧૦ની સવારે ભારતીય વાયુસેનાનાં MiG-21 તથા Hunter વિમાનોએ દુશ્મનો પર ફરી ફરીને રોકેટો છોડ્યાં. લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહે વધુ હેલિકોપ્ટરો મોકલ્યાં, જેમના માટે જોખમ હજી પણ હતું. સ્ક્વૉડ્રન લીડર પુષ્પકુમાર વૈદ્ય નામના સિનિયર પાયલટે ખાસ્સો પ્રતિકાર વેઠવો પડ્યો, પણ તેઓ ડગ્યા નહિ. એકેય વખત હેલિકોપ્ટરને પાછું ન વાળ્યું.

ઉલ્લેખનીય છે કે જનરલ નિયાઝીએ પાટનગર ઢાકા તરફના બધા માર્ગોને અસુરક્ષિત રહેવા દીધા હતા. વિચિત્ર લેખાય તેવી રણનીતિ મુજબ પૂર્વ પાકિસ્તાનનાં એટલે કે




*ભારતીય વાયુસેનાનું DHC-4 Caribou વિમાન કેનેડિઅન બનાવટનું હતું. કેનેડામાં થતા કેરિબૂ પ્રાણીના નામે ઓળખાતું હતું. કેનેડા બહુ વિશાળ દેશ, તેથી પરિવહન માટે આવાં ૩૦૦ કરતાં વધુ પ્લેન કેનેડાએ બનાવ્યાં હતાં.*

બાંગલાદેશનાં ૧૦ શહેરો ફરતે કિલ્લેબંધી રચી હતી અને ત્યાં સૈનિકોની જમાવટ રાખી હતી. નિયાઝીએ ધારેલું કે તે શહેરો પર જ્યાં સુધી તેમનો કબજો રહે ત્યાં સુધી ભારત યુદ્ધ જીતી શકવાનું ન હતું. આ દરેક શહેરને તેઓ fortress / કિલ્લો લેખાવતા હતા. નિયાઝી એ વાત ભુલી ગયા કે ભારતનાં શક્તિમાન ભૂમિદળ, હવાઈદળ તેમજ નૌકાદળ દ્વારા થતા ચોતરફી હુમલા સામે તેમનો એકેય 'કિલ્લો' ટકી શકવાનો ન હતો.

સિલહટની વાત કરો તો કેટલાક દિવસ બાદ આસામના ગુવાહાટીથી વાયુસેનાનું Caribou / કેરીબુ પ્રકારનું ધીમી ગતિનું પ્લેન ભરપૂર શસ્ત્રસરંજામ સાથે સિલહટના આકાશમાં પહોંચીને ૨,૦૦૦ ફીટ ઉપરથી પેરાશૂટ વડે ઢગલાબંધ શસ્ત્રસરંજામ ભારતીય જવાનોને ઉપલબ્ધ કરાવાનું હતું. પાકિસ્તાની બટાલિયને ત્યાર બાદ પીછેહઠ કર્યા વિના આરો રહેવાનો ન હતો. લડાઈનું મેદાન છોડતી વખતે તેમણે મેઘના નદી પરનો મોટો પુલ ફૂંકી દીધો, જેથી ભારતીયો ૩,૬૬૦ મીટર પહોળી તે નદીને ઓળંગી શકે નહિ. લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહે જો કે હેલિકોપ્ટર વડે આકાશી 'પુલ' રચ્યો અને હજારો જવાનોને સામે કાંઠે પહોંચાડી દીધા.

■

*રશિયન નૌકાદળના સેનાપતિ ઍડમિરલ ગોર્શકોવ Osa મિસાઈલ બોટના ભારતીય સાહસિકો પર વારી ગયા*



આ બધો સમય ભારતીય નૌકાદળની આક્રમક કાર્યવાહી ચાલુ હતી. ડિસેમ્બર ૩-જની રાત્રે રશિયન Osa વર્ગની મિસાઈલ બોટના કાફલાએ પાકિસ્તાનના કરાંચી બંદર પર હુમલો કરી પાક નૌકાદળના *શાહજહાં, મુહાફીસ, ખૈબર* વગેરે યુદ્ધજહાજોને ડૂબાવ્યાં અને તદ્ઉપરાંત *Venus Challenger* નામના પરદેશી જહાજને પણ નિશાન બનાવ્યું.

એક ઘટનાને લગતો રોચક પ્રસંગ પહેલાં નોંધી લઈએ. ૧૯૭૧નું ભારત-પાક યુદ્ધ સમાપ્ત થયા પછી રશિયન નૌકાદળના સેનાપતિ ઍડમિરલ ગોર્શકોવે ભારતની મુલાકાત લીધી. મિસાઈલ બોટના કમાન્ડરોને મળ્યા અને શાબાશી આપી કે ભારતીયો રશિયન મિસાઈલ બોટને આટલી પ્રભાવી રીતે વાપરે એ જાણી ખુદ રશિયન નૌકાઅફસરોને અંચબો થયો હતો. ઍડમિરલ ગોર્શકોવ કમાન્ડરોને રીતસર ભેટ્યા અને જણાવ્યું કે રશિયન નૌકાદળ સાહસિક ભારતીયો માટે ગર્વ અનુભવી રહ્યું હતું. ઍડમિરલ ગોર્શકોવના (અનુવાદિત) શબ્દો: 'You boys have used our missile boats better than we could ever have imagine even in our wildest dreams. Well done and heartiest congratulations!'

■

નૌકાદળના વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ વાઈસ-ઍડમિરલ એસ. એમ. કોહલીએ ડિસેમ્બર ૩-જની રાત્રે કરાંચી પરના હુમલા પછી બીજું આક્રમણ કરાંચીની પશ્ચિમે મકરાણ કિનારા પર કરવાનો પ્લાન બનાવ્યો હતો. હુમલા માટે ડિસેમ્બર ૯-૧૦ની રાત તેમણે પસંદ કરી હતી. જાજરમાન કદની ક્રૂઝર મનવાર *Mysore* ઉપરાંત ડિસ્ટ્રોયર *Ranjit* અને ફ્રિગેટ *Betwa* એમ વધુ બે જહાજો પસંદ કરાયા હતાં. યોજના અનુસાર *Mysore* અને *Ranjit* જહાજોએ મકરાણના જીવાની / Jivani



પ્રગટ થઈ ગયું છે....
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
■ નગેન્દ્ર વિજય
કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા •
સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ •
શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી •
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...
₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)
આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઇન ખરીદો.



પાકિસ્તાનના મકરાણ કિનારા નજીક ભારતીય નૌકાકાફલાએ જપ્ત કરેલા MV Madhumati માલવાહક જહાજને મુંબઇ લાવી દેવામાં આવ્યું. અરબી સમુદ્ર ભારતની આણ નીચે હતો.

કહેવાતા મથક પર તોપમારો ચલાવવાનો હતો, જ્યારે *Betwa* ના કેપ્ટનને ગ્વાદર બંદર પર નિશાન તાકવાનું કાર્ય સોંપાયું હતું.

હુમલા માટે આગળ વધતા કાફલા માટે પાકિસ્તાનનો મકરાણ કાંઠો આશરે ૯૫ કિલોમીટર છેટે રહ્યો ત્યારે એક માલવાહક જહાજ નજરે ચડ્યું. જહાજ પાકિસ્તાનનું MV *Madhumati* નામનું હતું. (MV = Motor Vessel). થોડીવાર પછી એ જહાજે કરાંચી બંદરને પાઠવેલો સંદેશો ભારતીય મનવારના રેડિયો ઑપરેટરે ઝીલ્યો. સંદેશો ચેતવણીસૂચક હતો, જેનો અર્થ એ કે પાક નૌકાદળને ભારત દ્વારા મકરાણ પર હુમલો થતો હોવા અંગે સાબદા કરી દેવાયું હતું.

ભારત માટે પરિસ્થિતિ અચાનક વિપરીત બની. હાજરી ખુલ્લી પડી ગયા પછી હવે ઍટેક કરી શકાય નહિ. હુમલો માંડી વાળવામાં આવ્યો. જો કે આશ્વાસન ઇનામ તરીકે ભારતીય કાફલાએ MV *Madhumati* ને કબજે લીધું. એક આરબ dhow વહાણને પણ જપ્ત કરવામાં આવ્યું, જેમાં દાણચોરીનું પુષ્કળ સોનું હતું. (આરબો લાક્ષણિક રચનાનું જે નાનકડા કદનું વહાણ બાંધે તેને અરબી ભાષામાં dhow / ધાઉ કહે છે.) સોનું દુબઇના સોદાગરનું હતું. યુદ્ધના અંતે ભારતે દુબઇ પ્રત્યે શુભેચ્છાની ભાવના દાખવવા તે માલ પાછો સુપરત કરી દીધો. પાકિસ્તાની માલવાહક જહાજ સાથે કાફલો ડિસેમ્બર ૧૩ના રોજ મુંબઇ પાછો ફર્યો.

વિવરણ આગળ ચલાવતા પહેલાં વ્યૂહાત્મક રીતે બહુ અગત્યનો મુદ્દો અહીં નોંધવો રહ્યો. ભૂમિદળના General Officer Commanding 4 Corps લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહને પોતાના જ આર્મી સામે વર્ષો થયે ફરિયાદ હતી. લડાઇ વખતે આર્મી એટલે કે ભૂમિદળ પોતાની સ્ટ્રેટેજીમાં વાયુસેનાને યોગ્ય સ્થાન આપતું ન હતું. સૈન્યની તે બન્ને પાંખોએ પ્રત્યેક સંઘર્ષ પરસ્પરના સહયોગમાં ખેલવો જોઇએ, પણ ભૂમિદળના ઘણા અફસરો વાયુસેના સાથે તારતમ્ય બેસાડતા ન હતા. એક સરસ દાખલો સાગતસિંહે ટાંક્યો. સરેરાશ ૭૦,૦૦૦ જવાનોની બનેલી દરેક Corps માં વાયુસેનાનું Tectical Air Center / TAC સંલગ્ન હોય, પરંતુ તેના કમાન્ડરને સત્તા કશી નહિ. કોર કમાન્ડર પોતે TAC નો સહયોગ માગે તો જ તેને આપવાનો થાય એ જાતની પ્રથા વર્ષો થયે ચાલી આવતી હતી. લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહને આવી પ્રથા સામે વાંધો હતો. આ મંતવ્ય જોડે પૂરેપૂરા સહમત એવા ઇસ્ટર્ન કમાન્ડના મુખ્ય સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ જગજિતસિંહ અરોરાએ પ્રથાને બાજુ પર મૂકી દીધી.

બાંગલાદેશનો નકશો જરા પાછો તપાસો. જનરલ નિયાઝીએ જે ૧૦ 'કિલ્લાઓ' પર મદાર રાખેલો તેમાં જૈસોર શહેર ઢાકા પછી અગ્રીમ સ્થાને હતું. ભારતીય વાયુસેનાનાં કેનબેરા, નેટ, હન્ટર, સુખોઇ અને મિગ-૨૧ વિમાનોએ વારાફરતી હુમલા પર હુમલા કરી ત્યાંની પાકિસ્તાની ફોજનો ખુરદો કાઢી નાખ્યો. પશ્ચિમ બંગાળમાંથી ભારતીય સેના



જૈસોર પહોંચી. જૈસોરથી ઢાકા જવું મુશ્કેલ હતું, કારણ કે વચ્ચે અવરોધક પદમા નદીનો અત્યંત પહોળા વ્યાપનો પટ હતો. જગજિતસિંહ અરોરાએ તેમજ સાગતસિંહએ સાંકેતિક કૉડમાં મસલત કરીને યુક્તિભર્યો પ્લાન ઘડી કાઢ્યો. હવાઈદળ પાસે છત્રીસૈનિકો / paratooppers મોટી સંખ્યામાં હતા. આ યુનિટનું કેન્દ્ર આગ્રા હતું. સાગતસિંહ પોતે ભૂતકાળમાં તે યુનિટનો ચાર્જ સંભાળી ચૂક્યા હતાં. (જૂઓ અંક નં. ૩૧૬.) આથી તેમણે પદમા નદીનો અવરોધ ટાળવા છત્રીસૈનિકોને ઢાકાની ઉત્તરે ટાંગેઈલ / Tangail ખાતે paradrop કરવાનો નિર્ણય લીધો. યોજના પ્રમાણે 7 તથા 8 Para Battalions ના છત્રીસૈનિકોને બેટલફ્રન્ટ પર લાવી દીધા. (છેલ્લા પેઈઝ પર આપેલ નકશામાં ટાંગેઈલ જુઓ.) આ સ્થળ પસંદ કરવામાં આવ્યું તેનું ખાસ કારણ હતું. જનરલ નિયાઝીએ ટાંગેઈલને મહત્ત્વનું નહોતું ગણ્યું, એટલે ત્યાં પાક લશ્કરી જમાવટ પાંખી હતી. ટાંગેઈલ મોટું ગામ હતું, શહેર નહિ. પરિણામે શસ્ત્રસજ્જ છત્રીસૈનિકોએ ઢાકા સુધી પહોંચવા માટે ઝાઝો સંઘર્ષ કરવો પડે તેમ ન હતો. લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહની ટુકડીઓ પણ હેલિકોપ્ટરો દ્વારા મેઘના નદી ઓળંગીને ટાંગેઈલ પાસે આવી પહોંચી હતી.

હવાઈદળના paratooppers ને ઉતારવાનો પ્લાન એકદમ ગુપ્ત રાખવામાં આવ્યો. પાકિસ્તાનીઓને આશ્ચર્યનો તેમજ આશ્ચર્ય કરતા ચાર ચાસણી ચડિયાતા આઘાતનો સજ્જડ આંચકો દેવાનો હતો. હવાઈદળના વાહતુક વિમાનોએ ટાંગેઈલ ખાતે બધું મળી ૭૮૪ છત્રીસૈનિકોને ઊતાર્યા. આ દ્રશ્યનો ફોટોગ્રાફ લેવા માટે સૈન્યનો એકેય તસવીરકાર ટાંગેઈલમાં ન હતો, એટલે પાકિસ્તાની લશ્કરી છાવણીમાં ફફડાટ શી રીતે ફેલાવવો તે પ્રશ્ન જાગ્યો. એક ચાતુરીભરી યુક્તિનો આશરો લેવામાં આવ્યો. કોને તે સૂઝી તે શી ખબર,



*આ ફોટોગ્રાફ ભારતની સ્ટ્રેટેજિક બાજીમાં હુકમનો એક્કો હતો. પાકિસ્તાનીઓનાં બધાં ગંજીપાનાને તેણે કાપી નાખ્યા. લડાઈમાં બહાદુરી કરતાં વિશેષ મહત્ત્વ ક્યારેક બુદ્ધિમતાનું ગણાય તેનો દાખલો તેણે પૂરો પાડ્યો.*

પણ વાત એમ બની કે ઘણાં વર્ષ પહેલાં આગ્રા ખાતે યોજાયેલી ક્વાયતમાં સેંકડો છત્રીસૈનિકોને paradrop કરાયા હતા અને તે ફોટોગ્રાફ વાયુસેનાના સંગ્રહમાં હતો.

આ ફોટોગ્રાફ ટાંગેઈલ વખતનો હોવાનું ધુપ્પલ ચલાવી તે સમાચાર માધ્યમનો પૂરો પાડવામાં આવ્યો. બ્રિટનના *The Times* તથા *Daily Mail* જેવાં વર્તમાનપત્રોએ તેમજ અમેરિકાનાં *The New York Times* જેવાં દૈનિકોએ તે પ્રથમ પાને છાપ્યો. ફોટોગ્રાફે ઢાકામાં લશ્કરી આયોજકોની રહી સહી હિંમત ભાંગી નાખી. વળી પાછું થયું એવું કે આયોજકો ઢાકાના ગર્વનર હાઉસમાં ચર્ચા કરી રહેલા તે જ વખતે ભારતીય ફાઈટર-બોમ્બર્સે જાસૂસી દ્વારા તેમની હાજરી અંગે પ્રાપ્ત થયેલી બાતમીનો લાભ ઊઠાવ્યો. રોકેટો અને બોમ્બ વડે ગર્વનર હાઉસને ખતમ કરી નાખ્યું. અમુક જણા માર્યા ગયા, બાકીના તેમના સદ્નસીબે બચ્યા અને બીજે જતા રહ્યા. દરમ્યાન લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહના જવાનો ઢાકા તરફ જવા નીકળી પડ્યા હતા. ●



પાકિસ્તાન પર છત્રીસૈનિકો ભેગો છળપ્રપંચનો પસ્તાળ
સિલિગુડી
જલપાઈગુડી
કૂચ બિહાર
કિશનગંજ
ઠાકુરગાઁવ
લાલમનિર હાટ
ધુબુરી
બ્રહ્મપુત્ર
ભા ર ત
સઈદપુર
રંગપુર
દિનાજપુર
તુરા
સીલોંગ
દાવકી
કમાલપુર
એતગ્રામ
સુનમગંજ
સિલહટ
જમાલપુર
બોગરા
માયમેનપુર
ચારખાઈ
ખાદીમનગર
પૂ ર્વ પા કિ સ્તા ન
નતોર
જમુના
માધુપુર
મૌલવી બઝાર
શમશેરનગર
રાજશાહી
મેઘના
હબીબગંજ
ગંગા
ટાંગૈલ
મુર્શીદાબાદ
સાગરબીલ
પબણા
ભૈરવ બઝાર
અગરતલા
કુશ્તીઆ
તેજગાઁવ
ભા
ઢાકા
ફરીદપુર
નારાયણગંજ
કેમિલ્લા
મગુરા
ગંગા(પદ્મા)
કૃષ્ણનગર
ચાંદપુર
ર
ભાતપરા
બોયરા
જેસોર
મેઘના
ફેની
ખુલના
ત
રામગઢ
બારિસાલ
ભોલા
ચાલના
હટલા
કલકત્તા (કોલકાતા)
કાલીગંજ
ચિત્તાગોંગ
પતુઆખલી
દોહાઝરી
કોક્સ બઝાર
બં ગા ળ નો
ઉ પ સા ગ ર
પાક એરબેઝ
પાક એરસ્ટ્રીપ
ભારતે એટેક કરેલ સ્થળો